SMST No. 2/2018

## <u>આંક– ૧ તળે હુકમ</u>

રેર્કડ વંચાણે લીધું, સદરહું દાવો તા. ૧૦/૦૫/૨૦૧૮ ના રોજ દાખલ કરવામાં આવેલો. ત્યારબાદ આ કામનાં વાદીએ તેમના વિ.વ.શ્રી મારફત પ્રતિવાદીનો નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે માર્ક–૩/૧૧ થી રજુ છે જે નોટીસ આ કામનાં પ્રતિવાદીને બજી ગયેલ છે જે કામમાં માર્ક–૩/૧૩ થી સામેલ છે ત્યારબાદ વાદી તરફે આંક–૫ થી આર.પી.એ.ડી.થી સમન્સ હાથો હાથ આપવા અંગેની અરજી આવતા જે અરજી મંજુર કરવામાં આવેલ ત્યારબાદ ફરી વાદી દ્બારા તા.૨૬/૦૩/૨૦૧૯ ના રોજ સમન્સ હાથો હાથ બજવણી માટેની અરજી આપેલ જે પણ મંજુર કરવામાં આવેલ જે કામમાં આંક ૮ થી સામેલ છે. ત્યારબાદ નોટીસ વાદી દ્બારા રજીસ્ટર એડી કર્યા અંગેની પુરશીસ રજુ કરેલ છે જે આંક ૯ થી સામેલ છે ત્યારબાદ તે નોટીસ બજી ગયા અંગેનો ઓનલાઈન ટ્રેકિંગ રિપોર્ટ કામમાં માર્ક–૧૦/૨ થી સામેલ છે. ત્યારબાદ ફરી વાદ દ્બારા તા. ૧૩/૦૯/૨૦૨૨ ના રોજ સમન્સ હાથોહાથ આપવા અંગેની અરજી આપવામાં આવેલ જે અરજી મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ આ કામનાં વાદીને નોટીસ કરવામાં આવેલ જે નોટીસ આ કામનાં વાદીને બજી ગયેલ હોવા છતા મુદ્દત તારીખે આ કામનાં વાદી હાજર રહેલા નથી કે તેમના તરફે કોઈ લેખિત કે મૌખિક દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આમ, આ કામનાં વાદીને હાથોહાથા નોટીસની બજવણી કરવા માટે બે થી ત્રણ વખત નોટીસો કાઢી આપવામાં આવેલ હોવા છતા આ કામનાં પ્રતિવાદી હાજર રહેલા નથી કે તેમના તરફે કોઈ પુરાવો રજૂ કરેલ નથી. આજરોજ પણ મુદ્દત હોય વાદીનો ત્રણ વખત અલગ અલગ સમયે પોકાર કરવા છતા વાદી કે તેમના તરફે કોઈ હાજર રહેલ નથી. સદરહું દાવાનું રેર્કડ જોવામાં આવે તો, વાદી તરફે તેમના વી.વ.શ્રી છેલ્લે તા.૩૦/૧૧/૨૦૨૨ ના રોજ હાજર રહેલ છે ત્યારબાદ એકપણ મુદ્દતે હાજર રહેલ નથી કે કોઈ જવાબ રજૂ કરેલ નથી. આમ, વાદીને સદર દાવો ચલાવવા કોઈ રસ જણાતો ન હોય તેવું રેર્કડ જોતા જણાય આવે છે. આમ, સદર દાવો સને. ૨૦૧૮ માં દાખલ કરવામાં આવેલ હોય પ્રતિવાદી એકપણ મુદ્દતે હાજર રહેલ ન હોય, વાદી છેલ્લી પાંચ છ મુદ્દતોથી ગેરહાજર રહેતા હોય સદરહું દાવાને બીનજરૂરી રીતે લાંબુ ખેંચવાનું કોઈ કારણ યોગ્ય જણાતું ન હોય હાલનો દાવો વાદી કે તેમના વિ.વ.શ્રીની ગેરહાજરીનાં કારણે ડિસમીસ ફોર ડિફોલ્ટ ગણી રદ કરવાનો (કાઢી નાખવાનો) હુકમ કરવામાં આવે છે.

– હુકમ આજરોજ તા. ૧૮મી,માહે–સપ્ટેમ્બર,સને.૨૦૨૩ નો રોજ ખુલ્લી અદાલતમાં વાચી–સંભળાવી જાહેર કર્યો

તા.૧૮/૦૯/૨૦૨૩

મું.લોધિકા.

(Rupesh Kiritkumar Jani)

Principal civil Judge & J.M.F.C.

Lodhika.

**Code No.GJ01658**